જરથોસ્તી ધર્મ શિક્ષણમાળા—પુસ્તક આઠમું.

પાક ન્હાની જરથોસ્તી બંદગીઓ.

આ પુસ્તકની ૫૦૦૦ નકલો, મરહુમ બાઇ માણેકબાઇ હોરમજી બેડનવાલાની અશો યાદમાં, મરનારના ખાવીંદ શેઠ હોરમજી કાવસજી દીનશાહ એમ. વી. ઓ. એ મેહેરબાની કરી છપાવી આપા છે.

લખનારા

જીવનજી જમશેદજી મોદી, બી. એ., પીએચ. ડી.

અને

સોરાબ જમશેદજી બલસારા, એમ. એ.

છપાવી પ્રગટ કરનાર

જરથોસ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળી.

૧૯૧૯.

જરથોસ્તી ધર્મ શિક્ષણમાળા—પુસ્તક આઠમું.

પાક ન્હાની જરથોસ્તી જીંદગીઓ.

આ પુસ્તકની ૫૦૦૦ નકલો, મરહુમ બાઇ માણેકબાઇ
હોરમજી એડનવાલાની અશો યાદમાં, મરનારના
ખાવીંદ શેઠ હોરમજી કાવસજી દીનશાહજી
એમ. વી. ઓ. એ મેહેરબાની કરી
છપાવી આપી છે.

લખનારા
જીવનજી જમશેદજી મોદી, બી. એ.,
પીએચ. ડી.
અને
સોરાબ જમશેદજી બલસારા, એમ. એ.

છપાવી પ્રગટ કરનાર
જરથોસ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી
અને
જ્ઞાન ફેલાવનારી મંડળી.

૧૯૧૯.

આ પુસ્તક ધી જ. ન. પીતીત પારસી ઑરફનેજ કૅપતન પ્રિંટિંગ
વર્કસ નં. ૧૪૧, લાલબાગ, પરેલ, મુંબઇમાં મેહરજી બી.
મીઠાઇવાલાએ છાપ્યું છે, અને જરથોસ્તી ધર્મ સંબંધી
કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળીનાં
સૅક્રેતરી સમ્શ-ઉલ-ઉલમાં ડૉ. જીવનજી જમશેદજી
મોદી, બી. એ., પીએચ. ડી.એ મંડળીને માટે
પારસી પંચાયતની ઑફીસ, હોર્નબી
રોડ, કોટ મુંબાઇ, મધેથી
પ્રગટ કીધું છે.

ખુલાસો.

જરથોશ્તી ધર્મ સંબંધી કેળવણી આપનારી અને જ્ઞાન ફેલાવનારી મંડળી.

આપણા ટોળામાં ધર્મ સંબંધી કેળવણી આપવા અને જ્ઞાન ફેલાવવા માટે એક મંડળી, ઉપલે નામે તા૦ ૧૦ મી જુલાઇ ૧૯૦૩ ને દિને, સ્થાપવામાં આવી હતી. એ મંડળીએ ધર્મ સંબંધી કેળવણી અને ઇરાનની પુરાતન તવારીખનું જ્ઞાન આપવા માટે ચોપડીઓની હાર માળા લખાવવાને ઠેરવ્યું હતું. તે મુજબ, એ માળામાં નીચલી ચોપડીઓ બાહાર પડી છે :—

૧. "જરથોશ્તી ધર્મ સંબંધી પ્રશ્નોતર" (એની પેહલી આવૃત્તિની ૧૦,૦૦૦ નકલ, પછી બીજી આવૃત્તિની ૫૦૦૦ નકલ અને પછી ત્રીજી આવૃત્તિની ૫૦૦૦ નકલ બાહાર પડી છે.)

૨. "જરથોશ્તી ધર્મની તવારીખ"

૩. "જરથોશ્તી ધર્મ-મત"

૪. "જરથોશ્તી ધર્મનાં કામો અને ક્રિયાઓ"

૫. "જરથોસ્તી ધર્મની નીતિ અને નેકીઓ.

૬. "પુરાતન ઇરાનનો ઇતિહાસ, ભાગ પેહલો, પેશદાદીયન અને કયાનીઅન વંશો."

૭. "પુરાતન ઇરાનનો ઇતિહાસ ભાગ બીજો. હખામની, અર્ષકાની અને સાસાની વંશો"

પેહલી સિવાય બાકીની ચોપડીઓની ૫૦૦૦) નકલો બાહાર પડી છે. આ માળામાં આ આઠમી ચોપડી છે.

એ ચોપડીઓ તૈયાર કરવા માટે એ મંડળીએ નેમેલી બુક-કમીટી હાલ નીચલા સભાસદોની બનેલી છેઃ—

શમશુલઓલમા દસ્તુર દારાબજી પેશોતનજી સંજાણા, બી. એ.

શેઠ પેસ્તનજી કુંવરજી મોટીવાલા, એમ. એ., એલ. એલ. બી.

એરવદ બમનજી નશરવાનજી ધાભર, એમ. એ.

શેઠ બેરામગોર તેમુરસ અંકલેસરીઆ, એમ. એ.

ડા૦ માણેકજી બમનજી દાવર, એમ. એ., પીએચ. ડી.

શેઠ સોરાબજી જમશેદજી બલસારા, એમ. એ.

શેઠ રતનજી ફરદુનજી ગેરવાલા, એમ. એ.

શેઠ અરદેશર ખરશેદજી વેસાવેવાલા, બી. એ.

શેઠ ખોદાબક્ષ એદલજી પુનેગર, બી. એ.
બાઇ ભીખાઇજી અરદેશર એનજીનીયર, એમ. એ, એલ. એલ. બી.
ડા૦ જહાંગીર ખરશેદજી દાજી, એલ. એમ. એન્ડ એસ.
શેઠ જહાંગીર જમશેદજી વીમાદલાલ, એમ. એ., એલએલ. બી.
એરવદ પાલનજી દોરાબજી પાવરી, બી. એ.
શામસુલ ઓલમા ડા૦ જીવનજી જમશેદજી મોદી, બી. એ, પીએચ. ડી.

ઓ. સેક્રેટરી.

બુક-કમીટીએ કારોબાર મંડળીની બાહાલીથી એ ચોપડીઓ લખવાનું કામ નીચલા બે ગ્રહસ્થોને સોંપ્યું હતું.

શેઠ સોરાબજી જમશેદજી બલસારા, એમ. એ.
એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ., પીએચ. ડી.

એઓમાંથી પેહેલા ગ્રહસ્થે ઉપદ્શી માળામાંથી ત્રીજી અને સાતમી ચોપડી લખી છે અને બીજા ગ્રહસ્થે પેંહેલી, બીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી લખી છે. આ આઠમી ચોપડી એ બન્ને ગ્રહસ્થોએ લખી છે. તેનો પેહેલો ભાગ એરવદ જીવનજી જમશેદજી મોદીએ અને બીજો ભાગ શેઠ સોરાબજી

જમશેદજી બલસારાએ તૈયાર કર્યો છે. તે તપાસવા માટે બુક-કમીટીની કુલે ૪ બેઠકો મલી હતી. તેમાં પેહેલી એક બેઠક બાદ તે છપાવી તેના પ્રુફો સર્વ સભાસદો ઉપર મોકળ્યા હતા, અને ત્યાર બાદ બીજી ત્રણ બેઠકો મલી હતી, અને તે દરમેઆન કમીટીએ પોતાને દરૂસ્ત દીસ્તો ફેરફાર એનાં લખાણમાં કર્યો હતો.

આ બંદગીની ચોપડીની બાબતમાં મંડળીએ શરૂઆતમાં બાહાલ રાખેલી યોજનામાં નીચે પ્રમાણે જણાવ્યું છેઃ—

"૧. જે સ્કુલો ખાસ જરથોશ્તી સ્કુલો હોય, તે સ્કુલોએ બંદગીથી પોતાનું દરરોજનું કામ શરૂ કરવું. જે સ્કુલો ખાસ જરથોશ્તી નહિ હોય પણ મિશ્રિત અને જૂદા જૂદા ધર્મવાળા છોકરાઓની હોય, તેઓએ ધર્મ સંબંધી કેળવણીના વર્ગો બંદગીથી શરૂ કરવા.

"૨. આ બંદગી અવસ્તા યા પાજંદ ભણતરો-માંથી ઘણી ટુંકી ન્હાની ચુંટી કાઢેલી હોવી જોઈએ કે જે તેની સમજણ સાથે ટુંક વખતમાં પૂરી થાય. આવી આસરે ૩૦ ન્હાની બંદગીઓ ચુંટી. કઢાવવી, કે જેમાંની એકથી શિક્ષકો પોતાના વર્ગોનું કામ શરૂ કરે. આ બંદગીઓ કેવા પ્રકારની ચુંટી કઢાવવી તે માટે ૧૦ ન્હાની બંદગીઓની ટીપ નીચે આપી છે.

"૩. ઉપર જણાવવા મુજબ ચોપડીઓ તૈયાર કરવા અથવા કરાવવા માટેં, અને સ્કુલોમાં શરૂઆતમાં કરવાની ન્હાની ૩૦ બંદગી તેની સમજણુ સાથે ચુંટી કાઢવા માટેં, કેટલાક સાહેબોની કમિટી નેમવી અને એ કમિ-ટીને સૂચનાં કરવી કે તેઓએ બનતાં શુધી એકમતે કામ લેવું અને જ્યાં તેમ ન બની શકે ત્યાં, જે બાબત ઉપર કમિટીનો ⅔ ભાગ એકમત ન થાય તે પડતી નાંખવી.

"સ્કુલોમાં શરૂઆતમાં કરવી જોઇતી ન્હાની ૩૦ બંદગીઓ કેવા પ્રકારની નક્કી કરવી તેના નમુનાઓઃ-

૧. ક્નઓથ અહુરહે મજ઼દાઓ.
૨. જસમે અવંઘહે મજ઼્દ. મજ઼દયસ્નો અહ્નિ
૩. નાઇસીમી દએવો. ઇજશનેના ૧૨ મા હાનો પેહેલો ફકરો.
૪. વસસચતુ અહુર મજ઼દ.
૫. નેમસે તે અહુર મજ઼દ.
૬. ફ્રેરસ્તુયે.
૭. નીવએધયેમિ, ઇજશને હા. ૧, ફકરો ૧.
૮. ઇજશનેનો હા. ૧, ફ. ૨૧-૨૨
૯. ઇથા આત યજમઇદે.
૧૦. દ્દાઆ નામ સેતાએશ્ને."

આ બંદગીઓની ચુંટણીના સંબંધમાં બુક કમીટીમાં એમ રજુ કરવામાં આવ્યું હતું કે આપણી ફરજીઆત

બંદગીઓમાંથી ફકરાઓની ચુંટણી—દાખલા તરીકે "નેમસે તે અહુરમજ્દ" અને "નેમો અહુરાઈ મજ્દાઇ" ની બંદગીઓની ચુંટણી—કરવી દરૂસ્ત નથી દીસતી, સબબ કે તેથી કદાચ બચ્ચાંઓ એમ સમજે કે ફરજીઆત બંદગીને બદલે એ ફકરાઓ ભણે તો ફરજીઆત બંદગીની ગરજ સરે. એ બાબે ખુલાસો કરવાની રજા લેવામાં આવે છે, કે આ બંદગીના આ ચુંટી કાહાડેલા ફકરા ખોર્શેદ મેહેર જેવી ફરજીઆત બંદગીની જગ્યાએ છે યા તેઓની ગરજ સારે છે, એમ સમજવું નહિ.

આ ચોપડીની ૫૦૦૦ નકલો શેઠ હોરમજી કાવસજી દીવશાહ એમ. વી. ઓ. એ પોતાના મરહુમ ધણીયાણી બાઇ માણેકબાઇ હોરમજી એદનવાલાની અશો યાદમાં છપાવી આપી છે. એ માટે એવણુ સાહેબે મંડળી તરફની અરજ ઉપરથી મેહેરબાની કરી મંડળીને રૂા. ૭૫૦) સુધીની બખશેશ આપવાની મરજી જણાવી છે. એ માટે કારોબાર મંડળી એવણુ સાહેબનો મોટો ઉપકાર માને છે.

આ મંડળી હસ્તકની એ ચોપડીઓ તપાસનાર બુક-કમીટી આપણા ભણેલા દસ્તુરો, એરવદો અને બેહદીનોની બનેલી છે. તે સાહેબોની બારીક તપાસમાંથી એ ચોપડીઓ પસાર થઇ છે. માટે મંડળી આસા રાખે છે કે તે સર્વની પ્રસન્તા પામશે અને સર્વ

જરથોશ્તી માબાપો આ પુસ્તકો પોતાના કુટુંબમાં દાખલ કરી, પોતાનાં બચ્ચાંઓને તેથી ધર્મ કેળવણી અને ઇરાનની તવારીખની કેળવણી આપશે. જરથોસ્તી સ્કુલોના વડા શિક્ષક સાહેબોને પણ કમીટી અરજ કરે છે કે તેઓએ એ ચોપડીઓ પોતાની સ્કુલોમાં ધર્મ અને તવારીખનાં શિક્ષણ માટે દાખલ કરવી.

ધર્મ શિક્ષણ આપનારા શિક્ષકોને જણાવવાની રજા લેવામાં આવે છે કે આ મંડળી હસતક પ્રગટ થતી શિક્ષણમાળાનાં સર્વ પુસ્તકો કેળવણી લેતાં બાલકો પાસે મોંહોંડે કરાવવાની કાંઇ જરૂર નથી. એ પુસ્તકોની તેવી નેમ રાખી નથી. એ પુસ્તકોનો ઘણો ભાગ શિક્ષકોની પોતાની રેહબરી માટે છે. આવાં શિક્ષણની ફત્તેહનો આધાર શિક્ષકોની પોતાની જાતી કોશેશ ઉપર અને શિક્ષણ માટે બાબતો પસંદ કરવાની તેઓની કુનેહ અને કાળજી ઉપર રહે છે.

આ પુસ્તકોનો ઉપયોગ કરનાર શિક્ષક સાહેબોને અને બીજા સાહેબોને અરજ કરવામાં આવે છે કે તે સાહેબોને કાંઇ સુચના કરવી હોય તો મેહેરબાની કરી મંડળીના ઓ. સેક્રેટરી જોગી કરવી કે તે ઉપર બીજી આવૃતિ વખતે ધ્યાન આપવામાં આવે.

રોજ ૭ માહા ૧૧ મો, શાહનશાહી સને ૧૨૮૮ તા૦ ૧૪ મી જુલાઈ ૧૯૧૯	કારોબાર મંડળીના હોકમથી, જીવનજી જમશેદજી મોદી, ઑ. સૅક્રેટરી.

સાંકળયું.

ભાગ પેહલો.

પાક ન્હાની ઝરથોશ્તી જીંદગીઓ.

પાક ન્હાની ઝરથોશતી બંદગીઓ

(સર્વ બંદગીઓ "ક્ષનઓથ્ર અહુરહેમજ્દાઓ અશેમ વોહૂ ૧" થી શરૂ કરવી અને "અશેમ વોહૂ ૧"-થી તમામ કરવી.)

જગતના અશો નિયમો.

૧. યથા

યથા અહૂ વઇરૂયો
અથા રતુશ અષાત્-ચીત્ હચા,
વંઘેઉશ દઝ્દા મનંઘો
શ્યઓથ્નનાંમ અંઘેઉશ મઝ્દાઇ.
ક્ષથ્રેમ્ચા અહુરાઇ આ
યિમ દ્રેગુબ્યો દદત્ વાસ્તારેમ.

૨. અષેમ.

અષેમ વોહૂ વહિશ્તેમ અસ્તી
ઉશ્તા અસ્તી; ઉશ્તા અહ્માઇ
હ્યત્ અષાઇ વહિશ્તાઇ અષેમ.

૩. યેંહે હાતાંમ્.

યેંઘ્હે હાતાંમ આઅત યેસ્ને પઇતિ વંઘ્હો,
મજ્દાઓ અહુરો વએથા અષાત હચા,
યાઓંઘ્હાંમ્ચા તાંસ્ચા તાઓસ્ચા યજમઇદે.

પાક ન્હાની ઝરથોશ્તી બંદગીઓના અર્થ.

જગતના અશો નિયમો.

૧ જે પ્રમાણે તે સાહેબ મરજી પ્રમાણે હકુમત
કરનાર (છે)

તે પ્રમાણે અશોઇ વિગેરે (સદ્ગુણો) ની મારફતે
(આ દુન્યાનો) સરદાર (મરજી પ્રમાણે હકુમત
કરનાર છે.)

આ દુન્યામાં અહુરમઝ્દને માટે કામ કરનારાઓને
બહમન (ભલાં મન)ની બખ્શેશ હોય છે.

જે ધણી ગરીબોને પોષણ આપનાર થાય છે,
તે અહુરમઝ્દને માટે પાદશાહી કબુલ રાખે છે.

૨ અશોઇ સર્વથી સરસ નેઆમત છે-
તે સુખ (આપનારી નેઆમત) છે;
સુખ તે ધણીને (મળે છે)
કે જે સર્વથી સરસ અશોઇને માટે અશો (છે).[૧]

૩ (સર્વ) હસ્તી તત્વો માંહેથી જે કોઇ આરાધના
કરવા માટે ભલાં (યાને લાયક) છે,
અને જેઓનો, તેઓની અશોઇને સબબે, અહુર-
મઝ્દ પિછાણનાર છે,
તેઓ સર્વ—નર કે નારી—ને અમો આરાધ્યે છિએ.

---

(૧) એટલે કે તે ધણી, જે ભલાં કામો ભલાઇને ખાતરજ કરે છે, અને જે, તે ભલાં કામોથી પોતાને જાતે ફાયદો થશે કે નહિ, તેનો ખ્યાલ કરવા વિના કરે છે, તે ધણીને ઘણું સુખ હાંસલ થાય છે.

ઇન્સાનની દસ્તગીરી.

૪. કેમ ના મઝ્દા.

કેમ્ ના મઝ્દા !
    મવઇતે પાયૂમ્ દદાત્,
હ્યત્ મા દ્રેગ્વાઓ
    દીદરેષતા અએંનઙ્હે,
અન્યેમ્ થ્વહ્માત્
    આથ્રસ્ચા મનંઙ્હસ્ચા?
યયાઓ શ્યઓથ્નાઇશ
    અષેમ થ્રઓશ્તા અહુરા!
તાંમ્ મોઇ દાંસ્ત્વાંમ
    દએનયાઇ ફ્રાવઓચા.

કે વેરેથ્રેમ-જા
    થ્વા પોઇ સેંઘ્હા યોઇ હેન્તિ,
ચિથ્રા મોઇ દાંમ્
    અહુબિશ રતૂમ ચીઝ્દી,
અત્ હોઇ વોહૂ
    સ્રઓષો જન્તુ મનંઙ્હા,
મઝ્દા અહ્માઇ
    યહ્માઇ વષી કહ્માઇચીત્.

ઇન્સાનની દસ્તગીરી.

૪ ઓ અહુરમઝ્દ ! જે વખતે કોઇ બુરો આદમી
મારા તરફ કપટથી જોએ,
તે વખતે અમોને કીયો પુરૂષ રક્ષણ આપશે ?
ઓ અહુર ! તારા આતશ (અશો ચપળતા)
અને (વોહુ) મન (બહમન યા ભલું મન),
જે બન્નેનાં કામોથી અશોઇનો વધારો થાય છે,
તેઓનું રક્ષણ, તું સિવાય, કોણ આપશે ?
દીન (દારીથી જીંદગી ગુજારવા) માટે (ઓ અહુર !)
આ (સવાલ બાબેનું) જ્ઞાન મને જાહેર કર.[1]

(ઓ અહુરમઝ્દ !) જેઓ હૈયાતી ભોગવે છે,
તેઓમાંથી કોણ તારાં પાસબાની કરનારાં ફર્માન
મારફતે દુશ્મનને મારનાર છે ? બન્ને દુન્યા
(માં મારૂં ભલું થાય
તે કાજે મને વાકેફી આપવા) માટે
એક જ્ઞાની ઉસ્તાદ તું મને જાહેર રીતે દેખાડ.[2]
ઓ અહુરમઝ્દ ! જે બી કોઇને તું ચાહે
તે ધણીને તેનાં ભલાં મન મારફતે સરોશ
(યારીએ) પોંહોચો !

---

(૧) ભાવાર્થ—ઓ ખોદા ! જ્યારે પણ મારા ઉપર મુશ્કેલી આવી પડશે, ત્યારે હું તારા ઉપર વિશ્વાસ રાખીશ, કે તેં બખ્શેલી અશોઇની ચપળતા અને મનની મજબુતીથી હું તે મુશ્કેલી દૂર કરી શકીશ. તે સિવાય કશાંથી મારી મુશ્કેલી દૂર થઇ શકશે નહિ.

(૨) ઓ ખોદા ! તુ એવું બખ્શ, કે કોઇ ભલા નમુનેદાર પુરૂષને હું મારાં ઉસ્તાદ (ideal leader) તરીકે ગણી, તેનાથી [illegible] મેળવું.

પાત-નો ત્બિશ્યન્તત્ પઇરિ,
મઝ્દાઓસ્ચ આરમઇતિશ્ચ સ્પેન્તસ્ચ
નસે દએવી દ્રુખ્શ, નસે દએવો-ચિથ્રે,
નસે દએવો-ફ્રકરતેં, નસે દએવો-ફ્રદાઇતે,
અપ દ્રુખ્શ નસે, અપ દ્રુખ્શ દ્વારૂ,
અપ દ્રુખ્શ વીનસે, અપાખેધ્રે
અપ-નસ્યેહે: મા મેરેંચઇનીશ
ગએથાઓ અસ્તવઇતીશ અષહે;
નેમસ્ચા યા આરમઇતિશ ઇઝાચા;

એ મઝ્દ ! એ સ્પેંદારમદ !
દુઃખ દેનારાઓથી તમો અમોને બચાવો.
એ બુરી શકિત ! તું દફે થા.
એ દેવની તોખમના ! તું દફે થા.
એ દેવની વાવેલી બદી ! તું દફે થા.
એ દેવની રાહરીતિની બદી ! તું દફે થા.
એ બુરા દરૂંજ ! તું અહીંથી દફે થા.
એ બુરા દરૂજ ! તું અહીંથી દૂર નાશ.
એ બુરા દરૂજ તું અંહીંથી દૂર દફે થા.
તું ઉત્તર દિશા તરફ દફે થા, કે તેમ થવાથી
અશોઇની હાડમંદ દુન્યા નુકસાન નહિ પામે.
નમાશ અને આબાદીને નેમાજ હોજો.

અશો દીનની સ્તુતિ.

૫ જસ મે અવંઙ્હે મઝ્દ.

જસ મે અવંઙ્હે મઝ્દ!
મઝ્દયસ્નો અહ્મી, મઝ્દયસ્નો જરથુશ્ત્રિશ
ફ્રવરાને આસ્તૂતસ્ચા ફ્રવરેતસ્ચા.
આસ્તુયે હુમતેમ મનો,
આસ્તુયે હુખ્તેમ વચો,
આસ્તુયે હ્વર્શ્તેમ શ્યઓથનેમ.
આસ્તુયે દએનાંમ વંઙ્ઉહીમ
માઝ્દયસ્નીમ ફ્રસ્પાયઓખ્દ્રાંમ,
નિધાસ્નઈથિષેમ, ખએત્વદથાંમ,
અષઓનીમ. યા હાઇતિનાંમચા
બૂશ્યેઈંતિનાંમચા મઝિશ્તાચા,
વહિશ્તાચા, સ્રએશ્તાચા,
યા આહૂઇરિશ જરથુશ્ત્રિશ.
અહુરાઇ મઝ્દાઇ વીસ્પા વોહૂ ચિનહ્મિ.
અએષા અસ્તી દએનયાઓ
માઝ્દયસ્નોઇશ આસ્તુઇતિશ.

અશો દીનની સ્તુતિ.

૫ ઓ અહુરમઝ્દ ! તું મારી મદદે પોંહોંચ.

હું માઝ્દયસ્ની છું. હું ઝરથોશ્તી માઝ્દયસ્ની છું.
(ઝરથોશ્તી માઝ્દયસ્ની દીનની) સ્તુતિ કરનાર
અને તે ઉપર યકીનલાવનાર થવાને હું કબુલ થાઉંછું

હું (હુમત એટલે) સારા વિચારને વખાણું છું;
હું (હુખ્ત એટલે) સારાં વચનને વખાણું છું,
હું (હવર્શ્ત એટલે) સારાં કામોને વખાણું છું.

ભલી મા દયસ્ની દીનને હું વખાણું છું,

(જે દીન) ઝઘડો મટાડનારી, હથિયાર છોડાવનારી,
પોતાવતપણું આપનારી અને અશો છે.

જે દીનો હૈયાત છે અથવા જે દીનો હવે
પછી હૈયાતીમાં આવશે,

તેઓમાં સર્વથી મોટી, સર્વથી ભલી, સર્વથી
સરસ (દીન તે છે કે)

જે અહુરમઝ્દી ઝરથોશ્તી (દીન) છે.
સઘળી નેઆમત અહુરમઝ્દ તરફથી (છે,
એમ) હું માનુંછું.

આ માઝ્દયસ્ની દીનની વખાણ છે.

૬ દીનનો કલ્મો.

બનામે યઝદ બક્ષાયન્દેહ બક્ષાયશ્ગર મેહેરબાન

રઝ્ઝિશતયાઓ ચિસ્તયાઓ મઝ્દધાતયાઓ

અષઓન્યા મો દએનયાઓ વંઙ્હુયાઓ માઝ્દ-

યસ્નોઇશ.

દીન્ બેહ રાસ્ત્ વ દોરોસ્ત, કે ખોદાએ બરૂ ખલ્ક ફેરસ્તાદેહ, ઇન્ હસ્ત્ કે ઝરતોશત્, આવોરદેહ હસ્ત્, દીન્ દીને ઝરતોશત્, દીને અહુરમઝ્દ દાદેહ ઝરતોશત સ્પીતમાન અનોશેરવાન અષઓને

દીનનો કલ્મો.

૬ ખુદાતાલા, જે બક્ષેશોનો આપનાર, રેહેમ કરનાર અને મેહેરબાન છે, તેના નામથી (હું આ જાહેર કરૂં છું).

મઝ્દનાં બખશેલાં સર્વથી સાચ્ચાં પવિત્ર જ્ઞાનની (યાને) ભલી માઝ્દયસ્ની દીનની (ખુશનુદી હોજો)

ભલી, રાસ્ત અને દરૂસ્ત દીન, કે જે ખુદાતાલાએ આ દુન્યામાં મોકલી છે, તે આ દીન છે, કે જે ઝરથોશ્ત લાવ્યા છે; એ દીન, તે ઝરથોશ્તની દીન, અહુરમઝ્દે અમર રવાનવાળા અશો સ્પીતમ ઝરથોશ્તને આપેલી દીન છે

અશો અહુરમજ્દની સેતાયશ

૭ ૫ નામે યજ્દાંન સતાએમ.

૫ નામે યજ્દાંન, સતાએમ
બાએમ દાદાર અહુરમજ્દ
રયોમંદ, ખોરેહમંદ, હરવસ્પ-આગાહ,
કેરદેગાર, ખોદાવંદાન ખોદાવંદ,
પાદશાહ બર હમે પાદશાહાંન,
નેગેહદાર, ખાલેકે મખ્લુક,
અલરેઝક રોઝી-દેહ દેહ,
કાદેર ઓ કવાં ઓ કદીમ,
બક્ષાયંદેહ બક્ષાએશગર મેહેરબાન,
તવાંના ઓ દાના ઓ દાદાર,
ઓ પાક પરવરદેગાર.
આદેલ પાદશાહી બીઝવાલ બાશદ.
અહુરમજ્દ ખોદાએ અવઝુની
ગોરૂજે ખોરેહ અવઝાયાદ.
ખોરશેદ અમર્ગ રયોમંદ
અઉર્વદ-અસ્પ બેરસાદ.

અશો અહુરમઝદની સેતાયશ.

યઝ્દાનના નામથી (હું મારી બંદગી શરૂ કરૂં છુ).

૭. દાદાર અહુરમઝ્દ જે નુંરમંદ, ખોરેહમંદ, સર્વ જાણનાર, સર્વ કામો કરનાર, સાહેબોનો સાહેબ, સર્વ પાદશાહોનો પાદશાહ, નેગેહબાની રાખનાર, કુલ ખલકને પૈદા કરનાર, રજક રોજીનો આપનાર, શકિતવાળો, જોરાવર, અનંત, બક્ષેશોનો આપનાર, રેહમ કરનાર, મેહરબાન, શકિતવંત, ડહાપણવાળો, પેદા કરનાર, પાક, અને પરવરશી કરનાર છે, તેની હું સ્તુતિ કરૂં છું,

તેની હુ વખાણ કરૂં છુ.

તેની ઇનસાફી પાદશાહી એકસરખી ચાલુ રહેજો.

અહુરમઝ્દ ખુદા, જે વૃદ્ધી કરનાર છે, તેનું નુર અને ખોરેહ હમેશાં વધતું રેહજો.

અમર્ગ, નુરમંદ, સેતાબ ઘોડા (ની ચાલ) વાળો ખોર્શેદ (આ જગતની) મહદે પોંહોચતો રેહજો.

ઇન્સાનનો પવિત્ર ઠરાવ.

૮ અઝ હમા ગુનાહ પતેત પશેમાનુમ.

અઝ હમા ગુનાહ પતેત પશેમાનુમ;
  અઝ હર્વસ્તાન દુશ્મત
દુઃઝૂખ્ત દુઃઝવરશ્તે,
મેમ પ ગેતી મનીદ,
ઉફમ ગોફ્ત, ઉફમ ઃરૂદ, ઉફમ જસ્ત,
ઉફમ બુન બૂદ એસ્તેદ
  અઝ આંન ગુનાહ
મનશ્ની ગવશ્ની કુનશ્ની,
તની રવાંની, ગેતી મીનોઆંની,
ઓખે અવાખ્શ પશેમાન,
પ સે ગવશ્ની પ પતેત હોમ.

ઇન્સાનનો પવિત્ર ઠરાવ.

૮. (ઓ અહુરમઝ્દ!)

સર્વ ગુનાહોથી પસ્તાવો કરી હું પશેમાન થાઉં છું.
તમામ બુરા વિચારો, બુરાં વચનો, અને બુરાં કામો,
જે મેં આ દુન્યામાં વમાસ્યાં હોય,
જે હું બોલ્યો હોઉં, યા જે મેં કર્યાં હોય,
જે મારાથી ઉપન્ત થયાં હોય, જેની મારાથી
શરૂઆત થઇ હોય,
તે વિચાર, વચન અને કામને લગતા,
અને તન અને રવાનને લગતા,
અને આંએ અને પેલી દુન્યાને લગતા
સર્વ ગુનાહો માટે હું પસ્તાવો કરી પશેમાન
થાઉંછું.
ત્રણે શબ્દો (મનશ્ની ગવશની, કુનશની) થી
હું પસ્તાવો કરી પશેમાન થાઉંછું.

અહુરમઝ્દની પાક ન્યામતો માટે આભાર.

ઇથા આત્ યઝમઇદે.

બ નામે યઝદ,
બક્ષાયંદેહ્ બક્ષાયશગર્
મેહેરબાન્ અહુરમઝ્દ ખોદાએ.
ઇથા આત્ યઝમઇદે
અહુરેમ્ મઝ્દાંમ,
યે ગાંમ્ચા અષેમ્ચા દાત્
અપસ્ચા દાત્ ઉર્વરાઓસ્ચા વંઘુહીશ,
રઓચાઓસ્ચા દાત્
બૂમીમ્ચા, વીસ્પાચા વોહૂ.

૧૭

અહુરમઝદની પાક ન્યામતો માટે આભાર

૬. બખ્શેશોના આપનાર, રેહમ કરનાર,
મેહેરબાન યઝદ, જે અહુરમઝ્દ ખુદા છે,
તેના નામથી (હું શરૂ કરૂં છું).
અહુરમઝ્દ, જેણે ગોસ્પંદો (અને) ધાન્ય પેદા કર્યાં,
જેણે પાણી અને ફાયદો આપનારાં ઝાડપાનો પેદા કીધાં,
જેણે રોશની (આપનાર આકાશી ગોળા) ઓ
અને પૃથ્વી અને સર્વ ભલી નેઆમતો પેદા કરી,
તેને અમો અતરે આરાધ્યે છીએ.

અહુરમઝ્દ અને અમેશાસ્પંદોની આરાધના.

૧૭ અહુરેમ્ મઝ્દામ્ અષવનેમ્ અષહે
રતુમ્ યઝમઇદે.

(ક) અહુરેમ મઝ્દાંમ અષવનેમ અષહે
રતૂમ યઝમઇદે;
અમેષા સ્પેનતા હુક્ષથ્રા હુધાઓડ્હો યઝમઇદે;
વીસ્પાંમ અષઓનો સ્તોમ યઝમઇદે,
મઇન્યેવાંમચા ગએથ્યાંમચા;
બેરેજા વંડ્હેઉશ અષહે બેરેજા દએનયાઓ
વંડ્હુયાઓ માઝ્દયસ્નોઇશ.

(ખ) હુમતનાંમ
હુખ્તનાંમ હ્વરશ્તનાંમ, યદચા અન્યદચા,
વેરેઝ્યમ્નનાંમચા વાવેરેઝનનાંમચા,
મહી અઇબી-જરેતારો
નએનએસ્તારો, યથના વોહુનાંમ મહી.

(ગ) તત્ અત્ વઇરીમઇદે, અહુરા મઝ્દા અષા સ્રીર
હ્યત ઇ મર્ઇનમહિચા, વઓચોઇમાચા,
વેરેઝિમાચા,
યા હાતાંમ શ્યઓથનનાંમ
વહિશ્તા ખ્યાત ઉબોઇબ્યા અહુબ્યા.
(યઝશ્ને. હા ૩૫).

૧૦ (ક) અશો અહુરમઝ્દ, જે અશોઇનો સાહેબ છે,
તેને અમો આરાદ્યે છિએ.
ભલી હકુમતવાળા, ભલાં ડહાપણવાળા
અમેશાસ્પંદોને અમો આરાદ્યે છિએ.
મીનોઈ દુન્યાની અને ગેથીની દુન્યાની
તમામ ભલી પેદાયશોને અમો આરાદ્યે છિએ.
ભલી અશોઈ (હાંસલ કરવા) ની ખાહેશ કાજે
અને ભલી માઝદયસ્નની દીન (બરાબર પાળવા) ની ખાહેશ કાજે
(આ આરાધના અમો કર્યે છિએ).

(ખ) અમો, ભલા વિચારો, ભલા શબ્દો, ભલાં કામો,
જે આ દુન્યાના ખ્યાલથી કે બીજી દુન્યાના ખ્યાલથી (થતાં હોય),
જે હાલ કરવામાં આવ્યાં હોય કે હવે પછી કરવાનાં હોય,
તેઓની અમો સ્તુતિ કરનારાં છિએ,
તેઓનો અમો ફેલાવો કરનારાં છિએ.
કે તેમ કરવાથી અમો પણ ભલાંઓનાં (વર્ગનાં) થઇએ.

(ગ) ઓ અશો સોહામના અહુરમઝ્દ!
હૈયાતી ભોગવનારાઓનાં કામોમા,
જે વિચારો, વચનો અને કામો
બન્ને દુન્યા કાજે સર્વથી સરસ હોય,
તે અમો પસંદ કર્યે છિએ.

ઇન્સાનને ભલી દુઆ.

૧૧ અહ્માઇ રએશ્ચ.

અહ્માઈ રએશ્ચ ખરેનસચ,
અહ્માઈ તન્વો દ્રવતાતેમ,
અહ્માઈ તન્વો વઝૂદ્દવરે,
અહ્માઇ તન્વો વેરેથ્રેમ,
અહ્માઈ ઇશ્તીમ પએઓઉરૂશ ખાથ્રામ,
અહ્માઇ આસ્નાંમ ચિત્ર ફ્રઝન્તીમ,
અહ્માઈ દરેઘામ દરેઘો-જીતીમ,
અહ્માઈ વહિશ્તેમ અહૂમઅષઓનાંમ
રઓચન્હેમ વીસ્પો ખ્‌થ્રેમ.
અથ જમ્યાત યથ આફ્રીનામિ.

હઝંઙ્રેમ્ બએષઝનામ

હઝંઙ્રેમ બએષઝનાંમ, બએવરે બએષઝનાંમ;
હઝંઙ્રેમ બએષઝનાંમ, બએવરે બએષઝનાંમ;
હઝંઙ્રેમ બએષઝનાંમ, બએવરે બએષઝનાંમ.

ઇન્સાનને ભલી દુઆ.

૧૨ (જે ઘણી ભલી પરહેઝગાર જીંદગી ગુજાર-
નાર પુરૂષ હોય,)
તેને નુર અને ખોરેહ, તેને તનનું કૌવત,
તેને તનની દરૂસ્તી, તેને તનથી ફતેહ,
તેને પુરતું સુખ આપનારી મોરાદ,
તેને જાતી અકકલવાળાં ફરજંદ,
તેને લાંબા વખતની લાંબી જીંદગી,
તેને અશો લોકોનું રોશન સર્વ સુખવાળું
બેહેસ્ત (હોજો).
જે પ્રમાણે હું દુઆ ગુજારૂંછું,
તે પ્રમાણે આમીન થાઓ.

(સર્વને) હજાર ઘણી તંદરોસ્તી,
દસ હજાર ઘણી તંદરોસ્તી હોજો.
(સર્વને) હજાર ઘણી તંદરોસ્તી,
દસ હજાર ઘણી તંદરોસ્તી હોજો.
સર્વને હજાર ઘણી તંદરોસ્તી,
દસ હજાર ઘણી તંદરોસ્તી હોજો.

૧૨ કેરફેહ મોઝદ.

કેરૂફેહ મોઝદ ગુનાહ ગુઝારેશ્નેરા કુનમ,
અશાહી રવાન્ દુશારમરા હમ કેરૂફેહ
હમા વેહાંને હફ્ત કેશ્વરૂ ઝમાંન,
ઝમીન્-પેહેના, રૂદ-દરાના, ખોરૂશીદ-બાલા,
બુન્દેહહાદ બેરસાદ, અશો બેદ દેરૂઝી.
અથ જમ્યાત્ યથ આફ્રીનામિ

(એ અહુરમઝ્દ ! તું બખશ કે) મારાં ગુનાહ ભર્યાં- કામોની અસર દૂર કરવા કાજે હું બદલો મળવા લાયક ભલાં કામો કરૂં. સર્વ સવાબના કામ કરનારા-ઓને, હફ્ત કેશ્વર જમીનનાં સર્વ ભલાં આદમીઓને, તેઓનાં રવાંનની ખુશાલી કાજે જમીનની પોહલાઇ, નદીની લંબાઈ, ખોર્શેદની બુલંદી જેટલી, સંપુર્ણ અશોઇ પોંહોચજો. ભલાં અશો આદમીઓને લાંબી જીંદગી હોજો. જેમ હું દુઆ ગુજારૂં છું તેમ હોજો.

અહુરમઝદનું અશો રાજ્ય અને તેને આપણી તાબેદારી.

૧૩ વસસ્ત્ચ તુ અહુરમઝ્દ

(ક) વસસ્ચ તૂ અહુરમઝ્દ !

ઉરતાચ ક્ષએષ

હ્વનાંમ દામનાંમ,

વસો આપો,

વસો ઉર્વરાઓ,

વસો વીસ્પ વોહૂ અષ-ચિથ્ર;

ક્ષયમ્નેમ અષવનેમ દાયત;

અક્ષયમ્નેમ દ્રવન્તેમ.

વસો-ક્ષથ્રો ખ્યાત્ અષવ;

અવસો-ક્ષથ્રો ખ્યાત્ દ્રવાઓ.

ગતો હમિસ્તો, નિઝ-બેરેતો

હચ સ્પેન્તાહે મઇન્યેઉશ દામબ્યો,

વરતો અવસો-ક્ષથ્રો.

અહુરમઝ્દનું અશો રાજ્ય અને તેને આપણી તાબેદારી.

૧૩ (ક) ઓ અહુરમઝ્દ ! તું તારી પેદાયશ ઉપર
મરજી પ્રમાણે સુખનો અમલ ચલાવ.
તારી મરજી પ્રમાણે પાણી ઉપર,
મરજી પ્રમાણે વનસ્પતીની પેદાયશ ઉપર,
મરજી પ્રમાણે અશોઈનાં મુળની
તમામ નેઆમતો ઉપર અમલ કર.
ભલા અશો આદમીઓને હકુમત બક્શ.
બુરા આદમીઓને અમલથી દુર રાખ.
ભલો આદમી પોતાની મરજી પ્રમાણે હકુ-
મત કરતો થાય.
બુરો આદમી મરજી પ્રમાણે હકુમત કરનાર
નહિ થાય.
તે દુશ્મન માફક હારમારીમાં આવી ગયલો,
સ્પેનામીનોની ભલી પેદાયશમાંથી હાંકી
કહડાયલો,
નામોરાદ અને વગર હકુમતનો થાય.

(ખ) હુમત અઝેમ-ચિત્ યો
ઝરથુશ્ત્રો ક્રતેમાં
ન્માનનાંમ્ચ, વીસાંમ્ચ
ઝન્તુનાંમ્ચ દખ્યુનાંમ્ચ,
અઙ્હાઓ દએનયાઓ
અનુમતયએચ,
અનુખ્તયએચ, અનુવરર્તયએચ,
યા આહુઇરિશ ઝરથુશ્ત્રિશ.
(ગ) યથ નો આઓઙ્હાંમ
પાતો મનાઓ, વહિશ્તો ઉરૂવાંનો,
ખાથ્રવઇતીશ તન્વો
હેન્તો વહિશ્તો અંઙ્હુશ;
આકાઓસ્ચોઈત્ આહુઇરે
મઝ્દ જસેન્તાંમ
અષ વહિશ્ત
અષ સ્રએશ્ત દરેસામ થ્વા,
પઇરિ થ્વા જમ્યામ,
હમેમ્ થ્વા હખ્મ

(ખ) હું અને મારે લગતાં બીજાંઓ
જે (દરેક) ઝરથોશ્ત (ને લગતાં) છિએ,
તેઓ ઘરના અને મોહલ્લાના
અને ગામના અને દેશના વડાઓને,
આ દીન, જે અહુરમઝ્દી ઝરથોશ્તી છે,
તેનાં વચારો પ્રમાણે, વચનો પ્રમાણે, અને
કામો પ્રમાણે ચલાવીશું,
(ગ) કે તેમ કરવાથી અમારાં મન ખુશાલ,
(અને) અમારાં રવાન ચહડતી હાલતનાં થાય,
(અને) અમારાં હૈયાતી ભોગવતાં શરીર
બેહેસ્તના સુખને લાયકનાં થાય.
તેઓ જાહેર રીતે અહુરમઝ્દને પોંહોંચનારાં
થાય.
(ઓ અહુરમઝ્દ !) સર્વથી સરસ અશોઈની
મારફતે,
સર્વથી શ્રેષ્ટ અશોઈની મારફતે,
અમો તુંને જોઈએ, તારી નજદીકમાં,
તારી દોસ્તીમાં હમેશ માટે આવ્યે.

અશો અહુરમઝદ તરફનો ભક્તિભાવ.

(૧૪) નેમસેતે અહુરમઝ્દ

નેમસે-તે અહુર મઝ્દ!
નેમસે-તે અહુર મઝ્દ!
નેમસે-તે અહુર મઝ્દ!
થ્રીશચિત્ પરો અન્યાઈશ દામાંન્.
નેમો વે અમેષા સ્પેનતા!
વીસ્પે હ્વરે-હઝઓષાઓ!
અએતત્ જહાત અહુરેમ મઝ્દાંમ,
અએતત્ અમેષે સ્પેન્તે
અએતત્ અષુઓનાંમ ફ્રવષીશ,
અએતત્ વયાંમ દરેઘો-ખ્વધાતેમ.
ક્ષ્નઓથ્ર અહુરહે મઝ્દાઓ.
તરોઇદીતે અંઘરહે મઇન્યેઉશ.
હઈથ્યાવર્સ્તાંમ હ્યત્ વસ્ના ફ્રષોતેમેમ.
સ્તઓમિ અષેમ.

અશો અહુરમઝ્દ તરફનો ભક્તિભાવ.

૧૪ ઓ અહુરમઝ્દ! તુને નેમાજ,
ઓ અહુરમઝ્દ! તુંને નેમાજ,
ઓ અહુરમઝ્દ! તુને નેમાજ,

તારી બીજી પેદાયશો આગમચ ત્રણુ ત્રણુ મરતબે (તુને નેમાજ).

ઓ તમો અમેશાસ્પંદો! તમો સર્વ
જેઓ ખોર્શેદ સાથે એક દીલથી કામ કરનારા છેઓ,
તેઓને નેમાજ!

આ (મારી નેમાજ) અહુરમઝ્દને પોંહોંચો.
આ (મારી નેમાજ) અમેષાસ્પંદોને (પોંહોંચો.)
આ (મારી નેમાજ) અશોનાં ફરોહરોને (પોંહચો.)
આ (મારી નેમાજ) લાંબી મુદત અથવા જમાનાના
સાહેબને (પોંહોચો.)

અહુરમઝ્દને ખુશનુદી હોજો.
આહરેમન ઉપર ધીકકાર હોજો.
રાસ્ત કામ કરનારાઓની જે ખાહેશ હોય છે,
તે સૌથી ચહડતા પ્રકારની હોય છે.
હું અશોઇને વખાણુંછું.

૧૫ નેમો અહુરાઇ મઝ્દાઇ.

નેમો અહુરાઇ મઝ્દાઇ,
નેમો અહુરાઇ મઝ્દાઇ,
નેમો અહુરાઈ મઝ્દાઇ;
નેમો અમેષ્એઇબ્યો સ્પેન્તએઇબ્યો;
નેમો મિથ્રાઇ વોઉરૂ-ગઓયઓઇતએ;
નેમો હ્વરે-ક્ષએતાઇ અઉર્વત-અસ્પાઇ;
નેમો આબ્યો દાઇથ્યાબ્યો,
યાઓ અહુરહે મઝ્દાઓ,
નેમો ગેઉશ, નેમો ગયેહે,
નેમો ઝરથુશ્ત્રહે સ્પિતામહે

અષ્ઓનો ફ્રવષએ;
નેમમ વીસ્પયાઓ
અષ્ઓનો સ્તોઇશ, હઇથ્યાઈચ
બવાંઇથ્યાઈચ બૂથ્યાંઈથ્યાઇચ.
વોહૂ ઉક્ષ્યા મનંઙ્હા
ક્ષથ્રા અષાચા ઉરતા તનૂમ.

૧૫ અહુરમઝ્દને નેમાજ હોજો.
અહુરમઝ્દને નેમાજ હોજો.
અહુરમઝ્દને નેમાજ હોજો.
અમેશાસ્પંદોને નેમાજ હોજો.
બોહોળાં ખેતરવાળા મેહર (યજદ) ને નેમાજ હોજો.
સેતાબ ઘોડા (જેવી ચાલ) વાળા ખોરશેદને નેમાજ હોજો.
(તેઓ જેઓ) અહુરમઝ્દની આંખો (સમાન છે તેઓ) ને નેમાજ હોજો.
જાન ધરાવનાર મુળ પેદાયશને નેમાજ હોજો.
માણુસ જાતની મુળ પેદાયશને નેમાજ હોજો.
અશો સ્પિતમાન ઝરથોસ્તનાં ફરોહરને નેમાજ હોજો.

અશોઇની પેદાયશ,
જે હાલ હૈયાત છે, જે હૈયાતીમાં આવે છે,
અને જે હવે પછી હૈયાતીમાં આવશે,
તે સર્વને નેમાજ હોજો.
(ઓ અહુરમઝ્દ)
ભલા વિચાર, ભલી સત્તા અને અશોઇથી
તું મારાં તનની દરૂસ્તીને વધાર.

રાસ્તીની રાહ ઉપર ચાલવાને પવિત્ર ઠરાવ.

૧૬ ફ્રસ્તુયે હુમતોઇબ્યસ્ચા

ફ્રસ્તુયે
હુમતોઈબ્યસ્ચા હુખ્તોઈબ્યસ્ચા
હ્વર્શ્તોઇબ્યસ્ચા, માંથ્વોઈબ્યસ્ચા
વખેધ્વોઈબ્યસ્ચા વર્શ્ત્વોઇબ્યસ્ચા.
આઇબિજઈર્યા દઈથે
વીસ્પા હુમતાચા
હુખ્તાચા હ્વર્શ્તાચા.
પઇતિરિચ્યા દઈથે
વીસ્પા દુશ્મતાચા
દુ:ઝૂખ્તાચા દુ:ઝ્વર્શ્તાચા.
ફ્રા વે રાહી,
અમેષા સ્પેન્તા!
યસ્નેમ્ચા વહેમ્ચા,
ફ્રા મનંઙ્હા, ફ્રા વચઙ્હા,
ફ્રા શ્યઓથના, ફ્રા અંઙ્હુયા,
ફ્રા તન્વસ્ચીત્ ખ્વપથ્યાઓ ઉશ્તનેમ્.
સ્તઓમિ અષેમ.

૧૬ રાસ્તી રાહ ઉપર ચાલવાને પવિત્ર ઠરાવ

(સર્વ) ભલા વિચાર ભલાં વચન અને ભલાં કામની
હું મારા (પુખ્ત) વિચાર, વચન અને કામોથી
સ્તુતિ કરૂં છું.
સર્વ ભલા વિચાર, ભલાં વચન અને ભલાં કામને
હું અખત્યાર કરૂં છું.
સર્વ ભુંડા વિચાર, ભુંડા વચન અને ભુડાં
કામને હું ત્યાગ કરૂં છું.
ઓ અમેશાસ્પંદો ! હુ મારી આરાધના અને સ્તુતિ,
મારા વિચાર, વચન અને કામથી,
મારાં ખરાં દિલથી, મારા તનથી
અને મારા પોતાના જાનથી તમોને પોંહોચાડું છું.
હું અશોઈની સ્તુતિ કરૂં છું.

૧૭ વીસ્પ હુમત.

વીસ્પ હુમત, વીસ્પ હુખ્ત,
વીસ્પ હ્વર્શ્ત, ખ્આઓઘો-વર્શ્ત;
વીસ્પ દુશ્મત, વીસ્પ દુ:ઝુખ્ત,
વીસ્પ દુ:ઝ્વર્શ્ત, નોઇત્ ખ્આઓઘો--વર્શ્ત.
વીસ્પ હુમત, વીસ્પ હુખ્ત,
વીસ્પ હ્વર્શ્ત,
વહિશ્તેમ્ અઙ્હુઇમ્ અશાએત.
વીસ્પ દુશ્મત, વીસ્પ દુ:ઝુખ્ત, વીસ્પ
દુ:ઝ્વર્શ્ત,
અચિશ્તેમ્ અઙ્હુઇમ્ અશાએત.
વીસ્પનાંમચ હુમતનાંમ્ હુખ્તનાંમ
હ્વર્શ્તનાંમ, વહિશ્ત અઙ્હુઇ;
આઅત્ હચ ચિથ્રેમ અપવઓને.

૧૭ સર્વે ભલા વિચારો, સર્વં ભલાં વચનો,
સર્વે ભલાં કામો બુધ્ધીથી કીધેલાં હોય છે,
સર્વ ભુંડા વિચારો, સર્વ ભુંડાં વચનો,
સર્વ ભુંડાં કામો, બુધ્ધીથી કીધેલાં હોતાં નથી.
સર્વ ભલા વિચારો, સર્વ ભલા વચનો,
સર્વ ભલાં કામો (આપણુને) બેહસ્ત તરફ
લઈ જાય છે.
સર્વ ભુંડા વિચારો, ભુંડાં વચનો,
ભુંડાં કામો (આપણુને) દોજખ તરફ લઈ
જાય છે.
સર્વ ભલા વિચારો, ભલાં વચનો,
ભલાં કામો (નું પરિણામ) બેહેસ્ત છે.
અશો માણુસને આ પ્રમાણે જાહેર હોય છે.

અહુરમઝ્દની પાક સેતાયશ અને ભલી દુઆઓ.

૧૮ દુઆ નામ સેતાએશને.

બ નામે યઝદ, બક્ષાયન્દેહ
બક્ષાયશગર મેહેરૂબાન.
નામ સેતાએશને અહુરમઝ્દ,
હમાબૂદ ઓ હમાહસ્ત ઓ હમાએદ.
નામે યઝદે સ્પેના-મીનો.
અંદરચ્ મીનોઆંન્ મીનો.
અઝશ ખુદશ યક્ નામ અહુરમઝ્દચ.
ખોદાએ મેહેસ્ત, ઓ તવાના
ઓ દાના ઓ દાદાર,
ઓ પર્વરૂતાર ઓ પાના ઓ ખાવર,
ઓ કેરૂફેહગર ઓ અવક્ષીદાર,
અવીઝેહ વેહ દાદસ્તાની હમા-ઝોર.
સેપાસ ઓએ બુઝોર્ગ હસ્તીઆંન્,
કે આફરીદ, અવનીદ
ઓ પ એશ અંગામબતી ઝોર દાનાઇ,
અવરૂતર્ શેશ અમેશાસ્પંદાન્,
અવદ વેશ યઝદાન્,

૧૮ અહુરમઝ્દની પાક સેતાયશ અને ભલી દુઆઓ.

બખ્શેશોના આપનાર, રેહેમ કરનાર
મેહેરબાન યઝ્દાનના નામથી (મારી બંદગી
શરૂ કરૂં છું).
અહુરમઝ્દ, જે હમેશાં હતો, હમેશાં છે, અને
હમેશાં કાયમ રહેશે,
તેના નામની સ્તુતિ થજો.
તેનું નામ વૃધ્ધી કરનાર યઝ્દ છે.
તે મીનોઓમાં મીનો છે.
તેનું પોતાનું એક નામ અહુરમઝ્દ છે.
તે ખુદા સર્વથી મોટો, શકિતવાન,
દાના, પેદા કરનાર,
પર્વરશ કરનાર, રક્ષણ કરનાર, પોષણ કરનાર,
સવાબનાં ભલાં કામો કરનાર, માફી બખશનાર,
પાક, સાચ્ચો, ઇનસાફી, સર્વ શકિતવાન છે.
હૈયાતી ભોગવનારાઓમાં, તે,
જે બુઝોર્ગ સાહેબ છે, તેના સેપાસ હોજો,
કે જે (સાહેબ) પેદાયશને પેદા કરે છે અને
તેનો અંત આણે છે.
તેણે પોતાની જાતી શકિત અને દાનાઇથી
ચહડતે દરજજેના છ અમેશાસ્પંદો,

શૈશાન્ બેહેરત્ ગરોથમાન્,
  ઓ ગેર્દ્ આસ્માન્, ઓ ખુર્ તાવા,
ઓ માહ્ બામી, ઓ સતરે વશ્-તોખ્મ્,
બાદ્, અંદર્‌વાએ, ઓ આવ્,
  ઓ આતશ્, ઓ ઝમીન્ ઓ ઓર્વર્,
ઓ ગોસ્પંદ્, ઓ અયોખ્શસ્ત્, ઓ મર્દુમ.

  યઝ્‌શ્ને ઓ નીઆએશ્ને
અઝ્ ઓએ ખોદાએ કેર્ફેહ્‌ગર્,
કે મેહ્ કર્દ્ અઝ્ હર્ ગેતીહા દેહેશ્નાન્
મર્દુમ્ પ ગવાએશ્;
  માદાન્ દાદ્ ઓ શેહેરીઆરેશ અંગામ્,
રાએનીદારેશ્ દામાન,
પ રખ્મ અંગેઝશ્ને પર્હેજ્ દેવાન્.
નમાઝ્ ઓએ વીસ્પ-આગાહ્ અશ્ ખાવર્,
કેશ્ ફ્રેસ્તીદ્ પ ઝરતોશ્ત્ સપેતમાન અશો
ફ્રેહ્‌ર્,
  અશ્તશ્ ઓએ દામાન્ દીન્-દાનેશ્ને વરોએશ્ને,
આસ્નેખેરદી, ગોશો-સ્રુતેહ્ ખેરદી,
દાનાએશ્ ઓ રાએનીદારેશ્.

ઘણાક મોટા યજદો, રોશન ગરોથમાન બેહેશ્ત,
ફેરતું આસમાન, રોશન આફતાબ, નુરમંદ
માહાતાબ,

ઘણા પ્રકારના સેતારાઓ,
પવન, હવા, પાણી, આતશ, જમીન, ઝાડપાન,
ગોસ્પંદ, ધાતુ અને માણસ જાત, (એ સર્વને
પેદા કર્યાં.)

તે સવાબકારી કામો કરનાર ખુદાની આરાધના
અને નીઆએશ હોજો, કે જે સાહેબે ગેતીની સર્વ
પેદાયશોમાં માણસોને વાચા બખ્શી ને મોટાં કર્યા,
અને દેવોની સામે થઇ તેઓથી દુર રેહવાનાં
કામને ઉલત આપવા કાજે,

તેઓને ડહાપણ, વખત ઉપર સરદારી
અને પેદાયશને સારી રાહ ઉપર ચલાવવાની
શકિત આપી.
નેમાજ હોજો તે સર્વ જાણકાર, પાળણ કરનાર
સાહેબને,

કે જેણે અશો ફરોહરવાળા સ્પિતમાન જરથોશ્તની
મારફતે, દુન્યામાં શાંતી, દીનનું જ્ઞાન, એકીન,
જાતી અકકલ અને જ્ઞાની અકકલ,
દાનાઇ અને રાહનુમાઇ એ સર્વ મોકલ્યાં.

વીસ્પ હસ્તાંન ઓ બૂદાંન્ ઓ બેદાંન્
ફેરૂહબાંન્ ફેરૂહંગ માંથ સ્પેન્ત,
કુ બેદ્ રવાંન્ હુ-પુલ બોખ્તારેશ અઝ્ દાઝખ
વદારૂદારૂ ઓએ આંને પેહેલુમ અખાંન્
અશોઆંન્, રોશન્ હંદ્, હુ-બોએ, હમા-નેકશ.

૫ ફ્ર્માને તો ખાવરૂ,
૫ ફ્ર્માને તો ખાવરૂ,
૫ ફ્ર્માને તો ખાવરૂ,
પદીરમ્ ઓ મીનમ્ ઓ ગોયમ્
ઓ વર્ઝમ્ દીન અવીઝેહ;
આસ્તુઆંન્ હોમ ૫ હરૂ કેરૂફેહ,
અવાખ્શ અઝ્ વીસ્પ બઝેહ,
અવીઝેહદારૂ હોમ ખુદશ આસ્નીદેહ-કુનશ્ને
પરૂહેઝશ્ને ઓ પાક્ શશ ઝોશાને જાન્,
મનશ્ને ગવશ્ને કુનશ્ને,
ઓ વીરૂ ઓ હોશ ઓ બેરદ્.

જેઓ હાલ હૈયાત છે, જેઓ હૈયાતી ભોગવી ગયાં
છે, અને જેઓ હવે પછી(જન્મી) હૈયાતી ભોગવશે,
તે સર્વ માટે તેણુ જ્ઞાનોનાં જ્ઞાન તરીકે,
માંથ્ર સ્પેન્તનાં કલામો (મોકળ્યા છે),
કે (તે કલામોની સહમજદારીથી) રવાન પુલગુજાર
થઇ દોજખથી છુટકારો મેળવે
અને અશો લોકોનું તે ઉત્તમ મકાન,
જે રોશનીવાળું, ખુશબોદાર અને નેકીથી ભરપુર છે
ત્યાં જવાને શકિતવાન થાય.

ઓ પાળનહાર સાહેબ! તારાં ફર્માન પ્રમાણે,
ઓ પાળનહાર સાહેબ! તારાં ફર્માન પ્રમાણે,
ઓ પાળનહાર સાહેબ! તારાં ફર્માન પ્રમાણે,
તારી પાક (ઝરથોશ્તી માઝ્દયસ્નની) દીન હું કબુલ
રાખું, (અને તેના ફર્માન પ્રમાણે) હું વિચારૂં,
બોલું અને કરૂં;
દરેક સવાબના કામ ઉપર હું ઓસ્તવાર રહું;
તમામ ગુનાહોથી દુર રહું;
મારાં પોતાનાં જાતી કામોને હું પાક રાખું;
મારાં જાનને જોર આપનાર છ ચીજો—મનશની,
ગવશની, કુનશની, બુધ્ધી, સહમજ અને
અકકલ—એઓને હું બદીથી નિરાળી રાખું.

પ કામે તો કેરૂફેહગરૂ
તવાનમ કર્દ આંને તો પરસ્તરને,
પ એહુ-મનરને, એહ-ગવરને, એહ-વર્ઝરને,
વશાએમ રાહે રેશાન્,
કે ઓમ નરસાહ ગેરાન્ પઅહ દોઝખ,
વહીરમ પ ચેશંહર્ગ્,
રસમ આંને બેહેશત પુરૂ-બોએ
હરૂવેરૂપ-પેસીદેહ હમા-ખારેશ.

સેતાએરને ઓએ અવક્ષીદારૂ ખોદાએ,
કુ કામેહ કેરૂફેહ પાદાએરને કુનંદ ફર્માન-
રાએનાદારાંન,
અવદુમ બુઝેદ દરૂવંદાનચ અઝ દોઝખ,
ઓ અવીઝેહા વીનારેદ વીરૂપ.
☞ સેતાએરને દાદારૂ અહુરમઝ્દ,
હરૂવેરૂપ-આગાહ તવાના ઓ તવંગર,
હપ્ત અમેશાસ્પંદ,
બેહેરાંમ યઝદ પીરોજગરૂ દુશમન-ઝદારૂ,
અમહે હુતાશતહે બેરસાદ. (ત્રણ વાર પઢે.)

ઓ સવાબકાર સાહેબ ! (તું બક્ષ્શ કે) તાહરી
ખાહેશ પ્રમાણે હું તારી પરસ્તેશ કરી શકું,
અને ભલા વિચાર, ભલાં વચન અને ભલાં કામોથી
રોશન (બેહેશ્તનો) રસ્તો હું ઉંગાડું, કે તેથી
મને દોજખનો ભારી આજાબ નહિ પોંહોચે.
હું ચીનવદ પુલ પસાર કરૂં અને તમામ
ખુશબોઇવાળાં, તમામ સિંગારવાળાં,
તમામ સુખવાળાં બેહેશ્તમાં પોંહોંચુ.

સેતાયશ હોજો તે માફી બખશનાર ખુદાની,
કે જે, (તેનાં) ફર્માનો પ્રમાણે ચાલનારાઓને
તેઓની સવાબકાર મોરાદીનો બદલો આપે છે
અને ગુનેહગારોને પણ (તેઓ વાજબી
પસ્તાવો કરે તો) દોજખથી છુટકારો આપેછે,
અને તમામ ખલક્તને સફાઇથી આરાસ્તે કરે છે.
સેતાયશ હોજો દાદાર અહુરમઝ્દની,
જે સવ જાણકાર, શકિતવાન અને બળવાન છે.
(સેતાયશ હોજો) સાતે અમેશાસ્પંદોની,
ફતેહમંદ, (અને) દુશ્મન ઉપર ગાલેબી આપનાર
બેરામ યઝદની,
(અને હિમ્મત આપનાર) ભલા અમ યઝદની-
(એઓ સર્વે) અમારી મદદે પોંહોચે.

૧૯ નેમો આઓંધહામની ચારે દિશાની નેમાજ

અજ હમા ગુનાહ પતેત પશેમાનુમ, અર્ષેમ વોહૂ ૧

નેમો આઓંઘ્હાંમ અસંઘ્હાંમચ, ષોઇથ્રનાંમ્ચ, ગઓયઓઇતિનાંમ્ચ, મઓથનનાંમ્ચ, અવો-ખ્રરેનનાંમ્ચ, અપાંમ્ચ, ઝેમાંમ્ચ, ઉર્વરનાંમ્ચ અંઘ્હાઓસ્ચ ઝેમો, અવંઘ્હેચ અષ્નો, વાતહેચ અષઓનો. સ્ત્રાંમ, માઓંઘ્હો, હૂરે, અનધ્રનાંમ રઓચંઘ્હાંમ ખ્વધાતનાંમ, વીસ્પનાંમ્ચ સ્પેન્તહે મઇન્યેઉશ દામનાંમ, અષઓનાંમ અષઓનિનાંમ્ચ અષહે રથ્વાંમ,

ચારે દિશાની નેમાજ.

૧૯ સર્વ ગુનાહોથી હું પસ્તાવો કરી પશેમાન થાઉંછું. આ જગ્યાઓને, શેહરોને, ખેતરોને, મકાનોને, પાણીના ભંડારોને, પાણીઓને, જમીનને, ઝાડપાનોને આ (નીચલાં) ધર્તીને, તે (ઉંચાં) આસ્માનને, પવિત્ર પવનને, સેતારાઓને, ચંદ્રને, સૂર્યને, હદવિનાની કુદરતી રોશનીઓને, સ્પેના મીનોની સર્વ પેદાયશને (અને) અશો નર અને નારીઓ, જેઓ અશોઈના સરદારો છે, એઓ સર્વને હમારી નેમાજ હોજો.

અશો અહુરમઝદની પવિત્ર બક્ષેશો અને તેના તરફની બાનફેશાની.

૨૦ ઉસ મોઇ ઉઝારેશ્વા અહુરા

(ક) ઉસ-મોઈ ઉઝારેશ્વા અહુરા !
આરૂમઇતી તેવીષીમ દસ્વા,
સ્પેનિસ્તા મઇન્યૂ મઝ્દા,
વંઘુયા ઝવો—આદા,
અષા હઝો એમવત્
વોહૂ મનંઘા ફ્સેરતૂમ.

(ખ) રફેધ્રાઇ વોઉરૂચષાને,
દોઈષી-મોઇ યા-વે અબિફ્રા,
તા ક્ષથ્રહ્યા અહુરા !
યા વંઘેઉશ અષિશ મનંઘો;
ફ્રો સ્પેન્તા આરમઇતે !
અષા દએનાઓ ફ્રદક્ષયા.

(ગ) અત્ રાતાંમ્ ઝરથુશ્ત્રો
તન્વસ્ચીત્ ખ્પયાઓ ઉશ્તનેમ
દદાઈતી, પઉર્વતાતેમ
મનંઘસ્ચા વઘેઉશ મઝ્દાઇ
શ્યઓથ્નહ્યા અષાઈચાચા
ઉખ્ધખ્યાચા સ્રઓષેમ ક્ષથ્રેમચા.

અશો અહુરમજદની પવિત્ર બખ્શેશો અને તેના તરફની જાનફેશાની.

૨૦ (ક) ઓ અહુર! તું મને સ્વચ્છ કર
આર્મઇતી (તાબેદારી, નર્મતા, સભ્યતા) મારફતે
(મને) શક્તિ આપ.
ઓ ભલાઇમાં માંગેલો બદલો આપનાર
ઘણી વૃદ્ધી કરનાર મીનો મઝ્દ!
મને અશોઇની મારફતે હુમ્મત સાથનું
કૌવત બખશ
અને સારા વિચારો મારફતે તવંગરી આપ.
(ખ.) ઓ અહુર! બોહોલી રીતે જ્ઞાન સંપાદન કર-
વાની ખુશીને કાજે,
જે (તારા) શેહરેવર અને બહમનના ભલા
સદગુણો છે,
તે મને જાહેર કર.
ઓ સ્પેન્ત આરમઇતિ!
તું અશોઇની મારફતે (મને) દીનનો રાહ
દેખાડ.

(ગ) ઝરથોશ્ત, ખુદ તનનો જાન
અને ભલા વિચાર, વચન અને કામ
અને તાબેદારી અને હકુમત
સંપુર્ણ રીતે અશોઇથી મઝ્દને હદીયા તરીકે
અર્પણ કરે છે,
(તેમ ઓ અહુર! બખ્શ કે હું પણ કરૂં.)

અહુરમઝ્દની પ્રાર્થના.

૨૧ નિવએધયેમિ હંકારયેમી.

(ક) નિવએધયેમિ હંકારયેમિ
દથુષો અહુરહે મઝ્દાઓ
રએવતો ખરેનઙ્હુતો
મઝિશ્તહેચ વહિશ્તહેચ સ્રએશ્તહેચ
ખ્રઓઝ્દિશ્તહેચ ખ્રથ્વિશ્તહેચ
હુકેરેપ્તેમહેચ અષાત્ અપનોતેમહેચ
હુધાઓમનો વોઉરૂ-રફ્નંઙ્હો,
યો નો દધ યો તતષ યો તુથ્રુયે
યો મઇન્યુશ સ્પેન્તોતેમો.

(ખ) યેઝિ થ્વા દિદ્વએષ,
